# સાબરકાંઠામાં નવા ૫૪ પોઝિટિવ કેસ, હિંમતનગર શહેરમાં ૬૧ એક્ટિવ કેસ

### ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સ કોરોના પોઝિટિવ

બાયડ, તા. ૨૦

સાબરકાંઠામાં દિવસ પસાર થાય તેમ કોરોના સંક્રમણ વધી રહ્યું છે. બુધવારે નવા પોઝિટિવ કેસ સાથે જિલ્લામાં ૨૪૩ એક્ટિવ કેસ નોંધાયા છે. જેમાં હિંમતનગરમાં ૬૧ પોઝિટિવ કેસ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. ઈડરમાં રહેતા અને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સ કોરોના પોઝિટિવ આવતાં હોય આઈસોલેશન કરાયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોના સંક્રમણ વધુ તિવ્ર બનતાં આગામી લગ્ન સહિતના શુભ અવસરો ઉપર સંકટ મંડરાયું છે. રાજયમાં કોરોનાના કેસમાં ઉછાળો આવતાં સરકારે લોકોમાનો ફરજીયાત ઉપયોગ અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવે તે માટે જરૂરી પગલાં ભરવા આદેશ આપ્યાના બીજા દિવસ પછી પણ કોઈ યોગ્ય કામગીરી જોવા મળતી નથી ઉલ્ટાનું સંક્રમણ વધુ બેકાબુ બને તેવા દ્રશ્યો જિલ્લાના અનેક વિસ્તારોમાંથી સામે આવી રહ્યા છે. તા.૧૯ના રોજ જિલ્લામાં વધુ નવા ૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે.

હિંમતનગર શહેર પછી અન્ય તાલુકાના ગામડાઓમાં કોરોના સંક્રમણ વધુ બેકાબુ બનતાં માઈક્રો ક્વેસ્ટમેન્ટ ઝોનની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. નવા નોંધાયેલા ૫૪ પોઝિટિવ કેસમાં હિંમતનગર તાલુકામાં ૩૪, ઈડર-૧૪, પ્રાંતિજ-૩, તલોદ-૨, ખેડબ્રહમા-૧ કેસ નોંધાયા છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને રડાવતી, ગૃહીણીઓને હરખાવતી શાકભાજી

### ભાવ તળીયે જતાં ખેડૂતોને ફટકો : ગૃહીણીઓને રાહત

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

આ વર્ષે શિયાળાની શરૂઆતમાં શાકભાજીના ભાવ ઉંચા રહ્યા પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી શાકભાજીના ભાવ નીચા જતાં ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે તો બીજી તરફ શાકભાજીના નીચા ભાવથી ગૃહીણીઓ હરખાઈ ઉઠી છે. જિલ્લામાં શાકભાજીના ભાવ એકાએક તળીયે પહોંચી જતાં શાકભાજીનું વાવેતર કરનારા ખેડૂતોને આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. જિલ્લામાં ભાવ નીચા જતાં ગૃહીણીઓએ ખાસ્સી રાહત અનુભવી છે.



જિલ્લામાં મોટા ભાગના ખેડૂતો હવે શાકભાજીની ખેતી તરફ વળ્યા છે. ધાન્ય પાકોમાં ભાવ પોષણક્ષમ મળતા ન હોવાથી શાકભાજીની રોકડી ખેતી ખેડૂતો માટે ફાયદારૂપ બની રહેતી હોય છે પરંતુ આ વખતે શાકભાજીના મુદ્દે ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી શાકભાજીના ભાવ ગગડતાં પાણીના ભાવે શાકભાજી વેચવી પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

અગાઉ શરૂઆતમાં શાકભાજીના સારા ભાવ મળતાં ખેડૂતોએ શાકભાજીનું વાવેતર કરવામાં ઉત્સાહ દાખવ્યો હતો અને ખેતરોમાં અન્ય પાકના બદલે શાકભાજીનું વાવેતર વધારી દીધું હતું પરંતુ અગાઉ શાકભાજીનો કીલોનો ભાવ મળતો હતો તે ૨૦ કીલોના વેચવાથી માંડ મળતો હોવાથી ખેડૂતો ચિંતામાં સરી પડ્યા છે. જિલ્લામાં ખેડૂતોએ ટામેટા, કોબીઝ, ફુલાવર, વટાણા, રવૈયા, બટાકા અને રીંગણ સહિતની શાકભાજીનું વાવેતર કરી ઉત્પાદન લેવા માંડ્યું છે પરંતુ તમામના ભાવ તળીયે બેસી જતાં ખેડૂતોને ફટકો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. અગાઉ શાકભાજીના ભાવ ઉંચકાતાં ગૃહીણીઓ શાકની ખરીદી કરતાં પણ ખચકાતી હતી ત્યાં ભાવ નીચા ગયા પછી શાક બજારમાં જુદી સ્થિતિ જોવા મળી રહી છે. શાકભાજીના તળીયે ગયેલા ભાવ ખેડૂતોને ભલે રડાવતા હોય પરંતુ સવાર-સાંજ શાકબજારમાં ખરીદી માટે જતી ગૃહીણીઓ હરખાતા મોંઢે તમામ પ્રકારની શાકભાજી ખરીદતી નજરે પડી રહી છે. જિલ્લામાં શાકભાજી શિયાળાની શરૂઆતમાં મોંઘી થતાં ભોજનની થાળીમાંથી શાક અદ્રશ્ય થઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી હતી પરંતુ હવે શાક સસ્તુ થતાં ગૃહીણીઓએ જરૂર રાહત અનુભવી છે પરંતુ ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે.

### ગૃહ વિભાગની બેદરકારી મોટી ખુંવારી સર્જી દેશે..!!

# સાબારકાંઠા-અરવલ્લી જિલ્લો ગેરકાયદે હથિયારનો રખોપો બન્યો

### સરકારી તંત્રની મહેરબાનીથી જમ્મુ-કાશ્મીર સરકારના હથિયાર પરવાનાની ૧૪ વર્ષથી તપાસ ટલ્લે : ૧૦૦ જેટલા પરવાના અને ૬૦ જેટલા હથિયારો હોવાની આશંકા..!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

રાજયમાં જમ્મુ-કાશ્મીર સરકારના અનેક બોગસ હથિયારના પરવાનાના આધારે શસ્ત્રો ખરીદાયાની વિગતો પ્રકાશમાં આવી હતી ત્યારબાદ જિલ્લામાં પણ પકડાયેલા હથિયારોમાં જમ્મુ-કાશ્મીર સરકારના હથિયારના પરવાના ઉપર હથિયાર ખરીદાયાનું બહાર આવ્યું છે પરંતુ ગૃહ વિભાગની બેદરકારીથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો ગેરકાયદે હથિયારોનો રખોપો બન્યો હોય તેવી વિગત પ્રકાશમાં આવી છે. જિલ્લામાં જમ્મુ-કાશ્મીર સરકારના ૧૦૦ જેટલા પરવાના અને ૬૦ જેટલા હથિયારો હોવાની આશંકા સેવાઈ રહી છે છતાં સ્થાનિક વહીવટી તંત્ર આ મુદ્દે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. જ્યારે પૃચ્છા કરવામાં આવે ત્યારે ગૃહ વિભાગને ૧૪ વર્ષથી લેખિત તાકીદ કરી છે પરંતુ હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. ટૂંકમાં જિલ્લો તંત્રની મહેરબાનીથી ગેરકાયદે હથિયારનો રખોપો બન્યો હોય તેવું દેખાઈ રહ્યું છે જે ગમે ત્યારે મોટી ખુંવારી સર્જી શકે છે.

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુખદ હોવાની શેખી ગમે ત્યારે ગુજરાતની પ્રજાને ભારે પડે તેમ છે. મોડાસામાં થયેલા બોમ્બ બ્લાસ્ટ પછી સઘન વોચ રખાતી હોવાના દાવા થઈ રહ્યા છે પરંતુ આ તમામ દાવા પોકળ સાબિત થયા છે. જિલ્લામાં હથિયારોના પરવાના ૧૬૦૦ આસપાસ હોવાનું જાણવા મળ્યું છે પરંતુ તેમાં ગુજરાત સરકાર સિવાયના અન્ય રાજ્યોએ આપેલા હથિયારના પરવાનાઓની સંખ્યા ૧૦૦ થી વધુ હોવાનું મનાય છે પરંતુ ૧૨ વર્ષ અગાઉ ગુજરાતમાં જમ્મુ-કાશ્મીર સરકારના બોગસ પરવાનાના આધારે હથિયારો ખરીદાયાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી હતી પરંતુ માત્ર કલાકો પૂરતુ ગૃહ વિભાગ ચોંકી ઉઠ્યું હતું અને પછી જૈસે થે સ્થિતિમાં આવી ગયું હતું. જિલ્લાના પૂર્વ પટ્ટામાં અનેક નિવૃત્ત આર્મીમેન પાસે જમ્મુ-કાશ્મીર સરકારના હથિયારના પરવાના છે અને તેઓએ પોતાના જાત રક્ષણ માટે હથિયાર ખરીદેલા છે પરંતુ ક્યારેક મેઘરજ તાલુકાના આર્મીમેનની જેમ અંગત અદાવતમાં હથિયારોનો ઉપયોગ કરી કોઈને ઠાર મારવામાં આવે ત્યારે સ્વાભાવિક જ અન્ય નિવૃત્ત આર્મીમેનો પ્રત્યેનો પ્રજાનો દેશપ્રેમ આપો આપ ઓસરી જતો હોય છે. અગાઉ ઈડરમાં સિક્યુરીટી ગાર્ડના હથિયારનો પરવાનો પણ જમ્મુ-કાશ્મીરનો હોવાનું તપાસ દરમ્યાન બહાર આવ્યું હતું અને તેની ખરાઈ પણ ઢગમાં અટવાઈ ગઈ છે.

જિલ્લામાં ૧૦૦થી વધુ પરપ્રાંતની સરકારના હથિયારના પરવાનાની ખરાઈ માટે જિલ્લા વહીવટી તંત્ર વારંવાર ગૃહ વિભાગને દર વર્ષે રીમાઈન્ડર મોકલે છે પરંતુ તેના કોઈ જવાબો જિલ્લા તંત્રને મળતા નથી જેથી ગૃહ વિભાગની ઈરાદાપૂર્વકની બેદરકારી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કહેવાતો અંગત વેરભાવનાનો આતંકવાદ નોંતરશે તેવું દેખાઈ રહ્યું છે. વર્ષ-૨૦૦૮માં આંતરસુંબા આશ્રમમાં ટોળાં ઉપર થયેલો ગોળીબાર અને ટોળાએ પણ કરેલો ખાનગી ગોળીબાર જે તે સમયે ભારે ચર્ચામાં હતો પરંતુ ત્યાર પછી આ પ્રકરણ ઉપરથી જોઈએ તેવો પડદો હટાવાયો ન હોવાનું આ વિસ્તારની પ્રજા માની રહી છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સીમેન્ટના ભાવમાં ૩ મહિનામાં થેલીએ રૂા.૫૦નો વધારો

### બાંધકામ ક્ષેત્રને ભાવ વધારાની અસર : ભાવ રૂા.૪૦૦ને આંબવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

ગરીબ-મધ્યમ વર્ગ માટે ઘર બનાવવું સ્વપ્ન સમાન બની રહે તે



રીતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સીમેન્ટના ભાવમાં ફરીથી વધારો ઝીંકાયો છે. છેલ્લા ૩ મહિનામાં સીમેન્ટની થેલીના ભાવમાં રૂા.૫૦નો વધારો થઈ જતાં બાંધકામ ક્ષેત્રને અસર થાય તેમ છે. જ્યારે આગામી દિવસોમાં સીમેન્ટના ભાવ રૂા.૪૦૦ને આંબી જવાની સંભાવના સીમેન્ટ વિક્રેતાઓ વ્યક્ત કરી રહ્યા છે.

કાળઝાળ મોંઘવારીમાં જીવન નિર્વાહની તમામ ચીજવસ્તુઓ મોંઘી થતી જાય છે. રોટી, કપડા અને મકાન માનવીની પ્રાથમિક જરૂરીયાતો ગણાય છે પરંતુ તમામમાં મોંઘવારીની અસરથી આમ આદમીનું જીવન દુષ્કર બની ગયું છે અને હવે બાંધકામ માટે મહત્વના મનાતા સીમેન્ટના ભાવમાં સીન્ડીકેટ રચાઈ હોય તેમ ભાવ વધારો ઓચિંતો ઝીંકી દેવાયો છે.

જિલ્લામાં સીમેન્ટના ભાવમાં છેલ્લા ૩ મહિનામાં રૂા.૫૦નો કમરતોડ વધારો ઝીંકાતાં સામાન્ય પરિવારોએ નવા મકાનના બાંધકામ અટકાવી દેવાની ફરજ પડી છે. એટલું જ નહીં પરંતુ ભાવ વધારાની અસરથી બાંધકામ સાઈટોને પણ અસર થાય તેમ હોવાથી સૌ કોઈ સીમેન્ટના ભાવ વધારાથી ચિંતામાં મૂકાયા છે. જિલ્લામાં ૪ મહિના પહેલાં સીમેન્ટની એક થેલીનો ભાવ રૂા.૩૩૦ હતો તેના આજે રૂા.૩૭૦ થઈ ગયા છે અને માત્ર ૩ મહિનાના ગાળામાં સીમેન્ટની થેલીના ભાવમાં તબક્કાવાર રીતે રૂા.૫૦નો વધારો થતાં નવા બાંધકામો ઠપ્પ થઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

સીમેન્ટના ભાવ વધારાથી સીમેન્ટ વિક્રેતાનો સંપર્ક કરતાં તેઓએ ભાવ વધારાને સ્વીકાર્યો હતો અને આગામી દિવસોમાં સીમેન્ટની થેલીના ભાવ રૂા.૪૦૦ને આંબી જવાની સંદેહના પણ વ્યક્ત કરી હતી. ટૂંકમાં વધતી જતી મોંઘવારીમાં અગાઉથી જ ઈંટ, લોખંડ અને કપચીના ભાવ વધેલા છે ત્યાં ફરીથી સીમેન્ટના ભાવમાં જોરદાર વધારો થતાં સામાન્ય માનવીનું ઘરનું સ્વપ્ન પાછળ ધકેલાય તેવી સ્થિતિ પેદા થઈ છે.

# શાકભાજીમાં રડતા ખેડૂતોને કપાસે સાંત્વના આપી..!!

### ઉત્તર ગુજરાતમાં ફરીથી કપાસનો ભાવ ઉંચકાતાં ખેડૂતોને રાહત : મણ દીઠ ભાવ રૂા.૧૯૦૦ને પાર કરી ગયો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

છેલ્લા બે સપ્તાહથી શાકભાજીના ભાવ સતત ગગડતાં ખેડૂતો પાંહે..પાંહે રડી રહ્યા છે તો બીજી તરફ કપાસનો ભાવ ગગડ્યા પછી ફરીથી ઉંચકાતાં ખેડૂતોને સામાન્ય રાહત થઈ છે. ઉત્તર ગુજરાતમાં શનિવારે કપાસનો ભાવ ૨૦ કી.ગ્રા.નો રૂા.૧૯૦૦ થી ૨૧૦૦ બોલાયો હતો. આગામી દિવસોમાં કપાસનો ભાવ રૂા.૨૨૦૦ની સપાટીને પાર કરી જશે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

જગતનો તાત બધી રીતે પાયમાલ થઈ રહ્યો છે સતત વધતી મોંઘવારી ઉપરાંત ખેતમજૂરોના દામ વધી જતાં હવે ખેતી કરવી એક મુશ્કેલ પડકાર હોવાનું ખેડૂતોને લાગતાં ખેડૂતોના યુવાન પુત્રો ખેતી છોડી અન્ય ધંધા ઉપર નજર ઠેરવી રહ્યા છે. જિલ્લામાં સતત પ્રતિકૂળ આબોહવા અને ક્યારેક વરસતાં કમોસમી માવઠાંના કારણે ખેડૂતો ક્યારેક સરકારથી તો ક્યારેક વેપારીઓથી અને સૌથી વધુ આ કુદરતી આપત્તિથી પાયમાલ બની રહ્યા છે. આ વર્ષે સારા વરસાદ પછી વરસાદનો અતિરેક થતાં ચોમાસુ ખેતી નિષ્ફળ ગઈ હતી અને ઉત્તર ગુજરાતના લાખો ખેડૂતોને પાક સહાયના નામે છેતરવાની સાજીશ થઈ હતી જેના ઘેરા પ્રત્યાઘાત આજે પણ જોવા મળી રહ્યા છે. તાજેતરમાં વરસેલા માવઠાથી ખેડૂતો પાયમાલ બન્યા હતા અને કપાસનો પાક ભીંજાઈ જવાની સાથે જીરૂ, વરીયાળીમાં કાળીયો રોગ જોવા મળ્યો હતો. જેથી ફરીથી ખેડૂતો પાયમાલ બન્યા હતા. પખવાડીયા અગાઉ કપાસનો ભાવ ઉંચકાયો હતો પછી સ્થિર રહ્યો અને હવે છેલ્લા પાંચ દિવસથી કપાસ બજારમાં તેજીનો અણસાર વર્તાયો હોય તેમ ભાવ સતત ૨૦ કી.ગ્રા. દીઠ રૂા.૯૦ થી ૧૦૦ વધી રહ્યા છે તેમ છતાં ખેડૂતોને હંમેશાં કંગાળ રાખવાની દાનત રાખતા વેપારીઓ માવઠામાં કપાસ ભીંજાયો છે તેમ કહી ઓછો ભાવ આપી રહ્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરકારી બાબુઓના આશીર્વાદથી ગાયબ થતાં ગૌચર

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પશુધનની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે પરંતુ ગૌચરો ગાયબ થવા લાગતાં ૨૦ લાખથી પણ વધુ પશુઓ માટે ગૌચરો હવે ટૂંકાં પડવા લાગ્યાં છે. ગ્રામ્ય

### ૨૦ લાખથી વધુ પશુઓ માટે ગૌચર ટૂંકાં : ગૌચરના દબાણો દૂર કરવામાં તંત્ર નિરસ

વિસ્તારોના ગૌચરોમાં જમીન ભૂખ્યા લોકોએ દબાણો કરી નાખતાં પશુઓ માટે ચારો ચરવાની વિકટ સ્થિતિ પેદા થઈ છે. જ્યારે ગૌચરના દબાણો દૂર કરવામાં તંત્ર નિરસ બની રહેતાં મૂંગુ પશુધન ગામની સીમમાં જઈ નિશાસા નાખી રહ્યું છે. સરકારી બાબુઓના આશીર્વાદથી આસારામ જેવા પાખંડીઓ ગૌચર સહિત અન્ય જમીનો ઉપર દબાણ કરી રહ્યા છે જેના કારણે પશુઓને એનિમલ હોસ્ટેલમાં મુકવા પડે તેવી સ્થિતિ નિર્મિત થઈ રહી છે.

જમીનની ભૂખ વધતાં હવે ગૌચરોમાં પણ દબાણો થયાં છે. જિલ્લામાં પશુઓ માટે આરક્ષિત ગૌચરોની રખેવાડી કરવામાં પંચાયતો સદંતર નિષ્ફળ જતાં ગૌચરો માત્ર પંચાયતના દફતરે જ હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પશુધનની સંખ્યામાં વધારો થાય છે જ્યારે તેની સામે ગૌચર ટૂંકા પડવા લાગ્યા છે. જિલ્લામાં ગૌચરોના દબાણો હટાવવાની અસંખ્ય ફરિયાદો છતાં કેટલાક ગૌચરો ખેતરોમાં તબદીલ થઈ ગયાં છે. જિલ્લામાં જમીન ભૂખ્યા લોકો ગૌચરો ચરી જતાં ગામડાંના પશુધનને ચારો ચરવા જવું તો ક્યાં જવું તે સવાલ ઉભો થયો છે. જિલ્લામાં અગાઉ ગૌચરોની જમીનમાંથી ઘાસચારો લેતાં પણ ખચકાટ અનુભવાતો હતો પરંતુ ગૌચરોનું કોઈ રણીધણી જ ન હોય તેમ ગણાય વર્ષોથી કેટલાક ગૌચરોમાં ખેતી થઈ રહ્યાની ફરિયાદો સાંભળવા મળી રહી છે. જિલ્લામાં ગૌચરોની જમીનમાં દબાણો થતાં પશુઓને ખૂંટે બંધાઈ રહી નિશાસા નાખવા પડે તેવી સ્થિતિ તમામ વિસ્તારોમાં જોવા મળી રહી છે. જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય વિસ્તરી રહ્યો છે પરંતુ દબાણો દૂર કરવા બાબતે કોઈ ઠોસ કદમ ન ઉઠાવાતાં મૂંગા પશુઓનાં ગૌચર માત્ર હવે કાગળ ઉપર જ અસ્તિત્વમાં હોય તેવી સ્થિતિ ઠેકઠેકાણે જોવા મળી રહી છે.

# બાયડ મામલતદાર કચેરી આગળ સરકારની સેવાનું ફાટેલું બેનર

### કર્મયોગી અધિકારીઓ ક્યારે જાગશે..??




બાયડ, તા. ૨૦

રાજ્યમાં ભાજપની નવી સરકારના સુશાસનના ૧૨૧ દિવસની યશગાથા વર્ણવાયી છે ત્યારે બાયડ મામલતદાર કચેરી આગળ સરકારની સેવાનું ફાટેલું બેનર ઘણું બધું કહી જાય છે. કર્મયોગી અધિકારીઓ અઠવાડીયાથી ફાટેલા બેનર સામે કેમ નજર નાંખવાથી વંચિત રહ્યા..?? તેવા સવાલ પૂછાઈ રહ્યા છે. કોઈપણ કારણ હોય પરંતુ બાયડ તાલુકામાં સરકારની વિવિધ યોજનાઓના બેનર કોઈને કોઈ કારણોસર ફાટી જતા હોય છે. ક્યારેક વાવાઝોડું અને કમોસમી માવઠામાં બેનર ચિરાઈ જાય તે સમજી શકાય પરંતુ ઘણી વખત એવું બન્યું છે કે બાયડ તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી આગળ સરકારની યોજનાનો લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે વિશાળ બેનર લગાવવામાં આવ્યા છે તે પૈકી ઈ-નગર યોજનાનું બેનર મામલતદાર કચેરી આગળ લગાવવામાં આવ્યું હતું પરંતુ છેલ્લા કેટલાક દિવસથી બેનર ચિંથરેહાલ જોવા મળે છે. કદાચ મામલતદારને ફાટેલું બેનર જોવા માટેની નવરાશ ન હોય પરંતુ બાયડ પ્રાંત અધિકારીની પણ કેમ નજર પડતી નથી..??

# ફરીયાદ કરતા હકીકત અલગ હોવાનું તારણ બાયડના પોલિસ અધિકારીઓ ગમે તે ઘડીએ સસ્પેન્ડ થાય તેવા ભણકારા

### અનેક સાચા ફરીયાદીઓને હડધૂત કરતા પોલિસ અધિકારી સામે ગૃહમંત્રી પગલાં ભરે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

બાયડ તાલુકાના ડેમાઈમાં લૂંટ, એસિડ તથા આગથી હુમલાની સામ-સામે ફરીયાદ નોંધાઈ છે. બાયડ પોલિસે સ્થળ ઉપર પહોંચીને કોઈપણ વિગતોની ચકાસણી વગર જ ફરીયાદ ધાબડી દીધી હોય તેવી વિગતો બહાર આવતા સમગ્ર પોલિસતંત્રને ઉંધુ ગાલવું પડે તેવી સ્થિતી પેદા થઈ છે. ગંભીર ફરીયાદ હોવાથી નાયબ પોલિસ વડા ડેમાઈ પહોંચ્યા હતા પરંતુ ફરીયાદમાં જે રીતે લૂંટ સહિત જે પ્રકારે હુમલાનો આરોપ કરાયો છે તેવા કોઈ પુરાવા ન મળતાં ફરીયાદ શંકાસ્પદ હોવાનું જણાઈ આવતા એફ.એસ.એલ.ની મદદ માંગવામાં આવી છે. તપાસ દરમ્યાન ફરીયાદ ખોટી સાબિત થાય તો બાયડ પી.એસ.આઈ., સી.પી.આઈ., પી.એસ.ઓ. સહીતનો ફરીયાદ નોંધનારો સ્ટાફ સસ્પેન્ડ થાય તેવા ભણકારા વાગી રહ્યા છે. અનેક સાચા ફરીયાદીઓની ફરીયાદ લેવાતી નથી અને કેટલીક ફરીયાદો સાચી હોવા છતાં બાયડ પોલિસ કાનમાંથી કીડા ખરી પડે તે રીતે ફરીયાદ કરવા આવેલા ફરીયાદીઓને ગાળો ભાંડી રહી છે ત્યારે રાજયના ગૃહમંત્રી બાયડ પોલિસ સ્ટેશનના જવાબદારો સામે દાખલારૂપ કાર્યવાહી કરે તેની જિલ્લાની પ્રજા રાહ જોઈને બેઠી છે.




પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ ટાઉનનો ચાર્જ સંભાળતા સુરમાજી અને સંજયભાઈ નામના કોન્સ્ટેબલોની મનમાનીથી બાયડના અનેક અરજદારો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને આ અંગેની ફરીયાદો પોલિસ વડા અને રેન્જ આઈ.જી. સુધી કરવા છતાં તેમને મલાઈદાર જગ્યા ઉપરથી હટાવવામાં આવતા નથી. તાજેતરમાં બાયડમાં રહેતા પાટીદાર સમાજના તબીબી છાત્ર પોલિસ સ્ટેશને ફરીયાદ નોંધાવવા ગયો ત્યારે તેની સાથે અભદ્ર વર્તન કરી મા-બહેન સામે ગાળો બોલી હડધૂત કરી દેવામાં આવ્યો હતો. ત્યારે જિલ્લા પોલિસ વડા સુધી જવું હોય તો જા, તારી કોઈ ફરીયાદ નહિ નોંધાય તેવા જવાબ આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ યુવાને પોલિસ કંટ્રોલરૂમમાં પોતાની આપવીતી જણાવતાં બાયડ પોલિસે દેખાડા પૂરતી કાર્યવાહી કરી હતી. બાયડ પોલિસ સ્ટેશનમાં ટાઉનની જે પણ ફરીયાદો આવી છે તે તમામ અરજદારોના જવાબ લેવામાં આવે તો અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવે. બે દિવસ અગાઉ ડેમાઈ ગામમાં બે જૂથ આમને-સામને આવી ગયા, એક જૂથે લૂંટ અને મારા-મારીની ફરીયાદ નોધાવી. ભીજા જૂથે માતબાર રકમની લૂંટ, સોનાના ઘરેણાં ખૂંચવી લેવા, એસિડ અને આગથી હુમલાની ફરીયાદ નોંધાવી પરંતુ બાયડની કહ્યાગરી પોલિસે કોઈપણ પ્રકારની તપાસ વગર ફરીયાદ નોંધી લીધી હોય તેવી સ્થિતિ ઉચ્ચ પોલિસ અધિકારીના વિજીટેશન પછી બહાર આવતા ચકોર અધિકારીએ આ મુદ્દે કોઈ કાચુ ન કપાઈ જાય તે માટે એફ.એસ.એલ. દ્વારા બનાવ સ્થળની તપાસ માટે સૂચના આપી છે અને ત્યાંથી કોઈ જલદ પ્રવાહી મળે તો જ ફરીયાદની સત્યતા ઉપર ઉઠેલા સવાલ પૂર્ણવિરામમાં મુકાઈ જાય. જ્યારે પોલિસે પંચનામું કર્યા પછી પણ પોતાની રીતે નવો મોરચો માંડતા બાયડ પોલિસ શંકાના પરીઘમાં આવી છે. લાગે છે કે ઈસરી પી.આઈ.ની જેમ બાયડ પોલિસ સ્ટેશનના કેટલાંક અધિકારીઓ અને કર્મચારીઓ સસ્પેન્ડ થવાની કગાર ઉપર આવીને ઉભા છે.

# પ્રાંતિજ સહિત તાલુકામા વાયરલ કેસોમા વધારો

### શરદી, ઉધરસ, તાવ, શરીરનો દુખાવો સહિતના વાયરલ કેસોમા વધારો : કેસો વધતા સિવિલ સહિત ના હોસ્પિટલો ઉભરાયા

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા હાલ ધરે ધરે તાવ, શરદી, ઉધરસ, માથાનો દુખાવો, શરીર નો દુખાવો જેવા વાયરલ કેસોમા નોંધપાત્ર વધારો થતા સરકારી અને ખાનગી હોસ્પિટલોમા દર્દીઓનો ધસારો જોવા મળી રહે છે

કોરોના ની ત્રીજી લહેર વચ્ચે શરદી, ઉધરસ, તાવના વાયરલ કેસોમા નોંધપાત્ર વધારો જોવા મલ્યો છે તે વચ્ચે હાલ પ્રાંતિજ સહિત તાલુકામા એકાએક ધરે ધરે વાયરલ કેસો ને લઈને માંદગીના ખાટલા જોવા મળતા આરોગ્ય લક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા લોક માંગણી ઉઠવા પામી છે અને હાલ વાયરલ ઈન્ફેકશન તાવ, શરદી, માથાનો દુખાવો, ઉધરસ, શરીરનો દુખાવો જેવા કેસોમા સતત વધારો થયો છે અને જયા જુઓ ત્યા દવાખાનાઓમા દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે અને ધરે ધરે માંદગીના ખાટલા જોવા મલે છે ત્યારે હાલ બપોરે ગરમીનુ પ્રમાણ વધતા અને રાત્રીના ઠંડીનુ પ્રમાણ વધતા લોકો ડબલ ઋતુઓનો અહેસાસ કરી રહ્યા છે ત્યારે બીજીબાજુ કોરોનાની ત્રીજી લહેર પણ પીકઅપ પકડી છે ત્યારે લોકોમા ભય જોવા મળી રહ્યો છે તો દવાનો છટાવ કરવા માગ ઉઠવા પામી છે.

# પાલનપુરમા માન સરોવર ફાટક નજીક ટ્રેનની અડફેટે શ્રમિક યુવકનું મોત

પાલનપુર તા

પાલનપુરમાં ટ્રેનની અડફેટે એક શ્રમિક યુવકનું મોત નિપજતા અરેરારી વ્યાપી જવા પામી હતી પાલનપુરમાં મજુરી અર્થે આવી રહેલ યુવક માન સરોવર ફાટક પાસે રેલવે પાટા ઓળંગી રહ્યો હતો દરમ્યાન ટ્રેન ની અડફેટે આવી જતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું

અમીરગઢ તાલુકાના વિરમપુર પાસે આવેલા ધનપુરા ગામનો ૨૮ વર્ષીય શ્રમિક યુવક સદુભાઈ નાથાભાઈ ધ્રાગી મંગળવારે સવારે પાલનપુરમાં મજુરી કામ અર્થે આવી રહ્યો હતો દરમ્યાન માનસરોવર ફાટક પાસે રેલવેના પાટા ક્રોસ કરતી વખતે ટ્રેન આવી જતા આ યુવક ટ્રેન ની અડફેટે આવી જતા તેને શરીર ના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતુ બનાવની જાણ થતાં જ રેલવે પોલીસ દોડી આવી મૃતક ની લાશને પીએમ અર્થે મોકલી આપી બનાવ અંગે અકસ્માતે મોત નો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.